# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અષાઢ વદ - ૦૫ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષ: ૧૧ • અંક: ૨૪૫ • તારીખ: ૦૩.૦૮.૨૦૨૬, સોમવાર • પાના:૪ • કિંમત રૂા. ૨.૫૦ • SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER • POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com • RNI NO. GUJ GUJ/2015/64531 • POSTAL REGISTERED NUMBER GJN-228 • OFFICE MOB. NO. 8866066060



સમય સંદેશ

પ્રોપ્ટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**


નામ અને ઓળખાણ ભલે નાની હોય, પણ આપણી પોતાની હોવી જોઈએ!

# ‘નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન’નો પ્રારંભ કરાવતા પ્રધાનમંત્રી

## ૨૮,૦૦૦થી વધુ સ્થળોએથી ૧ કરોડથી વધુ યુવાઓએ લીધો નશામુક્ત ભારતના નિર્માણનો સંકલ્પ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ’નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન’નો પ્રારંભ કર્યો છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૨૮,૦૦૦થી વધુ સ્થળોએથી ૧ કરોડથી વધુ યુવાઓએ નશામુક્ત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો. મોદીએ ડ્રગ્સના કારોબારને દુશ્મન દેશોનો આતંકવાદી એજન્ડા ગણાવ્યો. તેમણે યુવાનોને દેશની અમૃત પેઢી ગણાવી, જે ૨૦૪૭માં વિકસિત ભારત બનાવશે. આગામી ૧૦૦ રવિવાર ’નશા મુક્ત ભારત’ માટે ૧૦૦ મજબૂત પગલાં સાબિત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં યુવાનોને નશા વિરુદ્ધ સંઘટિત કરવાના ઉદ્દેશ્યથી




’નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન’ની શરૂઆત કરી છે. વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી શરૂ થયેલી આ રાષ્ટ્રવ્યાપી પહેલ હેઠળ ૨૮,૦૦૦ થી વધુ જગ્યાઓથી જોડાયેલા ૧ કરોડથી વધુ યુવા સાથીઓએ નશામુક્ત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો છે. વડાપ્રધાન મોદીએ કાર્યક્રમને સંબોધિત કરતા જણાવ્યું હતું કે આ અભિયાન વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ’વિકસિત ભારત સંકલ્પ અભિયાન માટે નશામુક્ત યુવા’ આ મુવમેન્ટનું નામ જ તેના સંકલ્પને સ્પષ્ટ કરે છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે

અનુ પાના નં.૨ પર

## ૧૦૦ અઠવાડીયામાં દેશના ખુણે-ખુણે પહોંચશે પહેલ

### નશા મુક્ત યુવા જ વિકસીત ભારતની સૌથી મોટી તાકાત છેઃ પીએમ મોદી




**સમય સંદેશઃ નવીદિલ્હી**


દેશભરમાં એકસાથે લાખો નહીં, કરોડો યુવાનો એક જ સંકલ્પ સાથે જોડાયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એવી પહેલ શરૂ કરી છે, જે આગામી ૧૦૦ સપ્તાહ સુધી દેશના દરેક ખૂણે પહોંચશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨ ઓગસ્ટના રોજ દેશવ્યાપી નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન’**નો પ્રારંભ કરાવ્યો. માદક દ્રવ્યોના દુરુપયોગ સામે જનજાગૃતિ ફેલાવવા અને યુવાનોને નશામુક્ત જીવન માટે પ્રેરિત કરવાના ઉદ્દેશ સાથે શરૂ

અનુ પાના નં.૨ પર

## ગુજરાતમાં મેઘાના પ્રકોપથી જનજીવન અસ્તવ્યસ્ત૨૪ કલાકમાં ૨૫૭ તાલુકામાં વરસાદ, મોરબીમાં ૮.૭૮ ઈંચ, સુરેન્દ્રનગરમાં ડેમ તૂટ્યો..!

**સમય સંદેશઃ અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ જોરદાર બેટિંગ કરતાં રાજ્યના ૨૫૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ મોરબી જિલ્લામાં નોંધાયો છે, જ્યાં મોરબી શહેરમાં ૮.૭૮ ઈંચ અને ટંકારામાં ૭.૬૪ ઈંચ વરસાદ વરસ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રામાં ૭ ઈંચ અને મોરબીના હળવદમાં સાડા છ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત રાજ્યના ૨૫ તાલુકામાં ૩થી ૬ ઈંચ અને ૧૦૨ તાલુકામાં ૧થી ૨ ઈંચ વરસાદ નોંધાયો છે, જ્યારે બાકીના તાલુકાઓમાં ૧ ઈંચથી ઓછો વરસાદ પડ્યો છે. આજે (૨ ઓગસ્ટ) સવારે ૬થી ૮ વાગ્યા દરમિયાન પણ કપરાડા, ઉમરપાડા, માણાવદર, જેતપુર પાવી સહિત ૪૪ તાલુકામાં ૧ મિમીથી લઈને અડધા ઈંચ



સુધી વરસાદ નોંધાતા વરસાદી માહોલ યથાવત રહ્યો છે.

શનિવારે પડેલા ભારે વરસાદથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વ્યાપક તારાજી સર્જાઈ હતી. સૌથી વધુ અસર મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જોવા મળી હતી. સુરેન્દ્રનગરના લખતર સહિતના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં ગામો સંપર્કવિહોણા બન્યા હતા અને વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો હતો.

વઢવાણનો ભોગાવો-૨ (ધોળીધજા) ડેમ તેમજ ધ્રાંગધ્રાનું રણમલ તળાવ ઓવરફ્લો થયું હતું. સુરતમાં ફરી ખાડીપૂરના કારણે સણીયા હેમાદ વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. નવસારી, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, ઊંઝા અને વડોદરા સહિતના અનેક જિલ્લાઓમાં પણ ભારે વરસાદના કારણે પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર પંથકમાં શનિવારે નોંધાયેલા ૮ ઈંચથી વધુ અનરાધાર વરસાદને કારણે ભાથરીયા ગામના ડેમનો પાળો આજે સવારે તૂટી ગયો હતો. ભારે પાણીની આવકને ડેમ સહન કરી શક્યો ન હતો, જેના કારણે ધસી આવેલા પાણીના જોરદાર પ્રવાહથી ભાથરીયા ગામની સીમમાં ચારેય તરફ જળબંબાકાર સર્જાયો હતો. ખેતરોમાં ઉભો પાક પાણીમાં ગરકાવ થતાં ખેડૂતોને ભારે નુકસાન થયું છે અને મોટા પાયે જમીનનું ધોવાણ પણ નોંધાયું છે. ગામ પહેલાથી જ સંપર્કવિહોણું બન્યું હોવાથી સ્થાનિક યુવા સરપંચ અને તાલુકા ભાજપ મહામંત્રીએ વરસાદ વચ્ચે નીચાણવાળા વિસ્તારોની મુલાકાત લઈને રાહત કામગીરી હાથ ધરી હતી.

## બંગાળ STFની મોટી કાર્યવાહીઃ જૈશ-એ-મોહમ્મદના આતંકીની ગર્લફ્રેન્ડ ઝારખંડથી ઝડપાઈ, VIP નેતાઓ રેડાર પર હોવાનો સનસનીખેજ ખુલાસો

### હનીટ્રેપના મોટા ષડયંત્રનો પર્દાફાશઃ પકડાયેલી યુવતી અર્પિતા સરકાર પર મંત્રીના પુત્રને જાળમાં ફસાવવા અને દેશવિરોધી ગતિવિધિઓ માટે જાસૂસી કરવાનો ગંભીર આરોપ



**સમય સંદેશઃ કોલકાતા**

પશ્ચિમ બંગાળની સ્પેશિયલ ટાસ્ક ફોર્સને આતંકવાદી ગતિવિધિઓ અને દેશવિરોધી ષડયંત્રો સામે લડવામાં એક મોટી સફળતા મળી છે. બંગાળ એસટીએફની ટીમે પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના શંકાસ્પદ આતંકવાદી હમીમ મંડલની ગર્લફ્રેન્ડ અર્પિતા સરકારની પાડોશી રાજ્ય ઝારખંડમાંથી ધરપકડ કરી છે. આ ધરપકડ બાદ સુરક્ષા એજન્સીઓ દ્વારા કરવામાં આવેલી પૂછપરછમાં એક અત્યંત ચોંકાવનારું અને સનસનીખેજ કાવતરું સામે આવ્યું છે.

સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પકડાયેલી આરોપી યુવતી અર્પિતા સરકાર સીધી રીતે જૈશ-એ-મોહમ્મદના આકાઓના સંપર્કમાં હતી અને તેમના ઈશારે જ કામ કરી રહી હતી. તેના પર આરોપ છે કે તે જૈશના નિર્દેશોનું પાલન કરીને રાજ્યના હાઈ-પ્રોફાઈલ અને વીઆઈપી રાજકીય નેતાઓની જાસૂસી કરી રહી હતી અને તેમની દરેક હિલચાલ પર કડક નજર રાખી રહી હતી.

આ આખા મામલામાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, આતંકી સંગઠને અર્પિતાને એક મંત્રીના પુત્રને પોતાના પ્રેમજાળમાં ફસાવીને હનીટ્રેપ કરવાનો ટાસ્ક આપ્યો હતો. આ હનીટ્રેપના માધ્યમથી સંગઠન સરકાર અને વહીવટીતંત્રના ગુપ્ત દસ્તાવેજો અથવા સંવેદનશીલ માહિતી મેળવવાની ફિરાકમાં હતું. જો કે, તે પોતાના આ મનસૂબામાં સફળ થાય તે પહેલાં જ ગુપ્તચર માહિતીના આધારે બંગાળ એસટીએફની ટીમે ઝારખંડમાં દરોડો પાડીને તેને દબોચી લીધી હતી. હાલમાં સુરક્ષા એજન્સીઓ દ્વારા આ મામલે અર્પિતા સરકારની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે, જેથી આ આંતરરાજ્ય આતંકી નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સ્લીપર સેલ અને કાવતરાખોરોનો પર્દાફાશ કરી શકાય.

## ચલો એલર્ટઃ ગુજરાતમાં આગામી ૭ દિવસ વરસાદ ગાંડોતૂર થવાની શક્યતા

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી સક્રિય રહેલી વરસાદી સિસ્ટમ હવે ધીમે ધીમે નબળી પડી રહી છે, છતાં રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર વેલમાર્ક લો પ્રેશર હવે સાયકલોનિક સર્ક્યુલેશનમાં ફેરવાતા તેની તીવ્રતા ઓછી થઈ છે. જોકે તેની અસરના કારણે આજે પણ ઉત્તર ગુજરાત અને પશ્ચિમ સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

રવિવારે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને પાટણ જિલ્લામાં ચલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. બીજી તરફ પશ્ચિમ સૌરાષ્ટ્રના કચ્છ, મોરબી, જામનગર, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ ચલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે માછીમારો માટે ખાસ ચેતવણી પણ જાહેર કરી છે. આગામી બે દિવસ સુધી દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. દરિયાઈ હવામાન ઉગ્ર રહેવાની શક્યતાને ધ્યાનમાં રાખીને રાજ્યના બંદરો પર LCS-3 ચેતવણી સિગ્નલ લગાવવામાં

અનુ પાના નં.૨ પર

## કર્ણાટક અને કેરળમાં ફાટ્યું આભ, ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે ૧૧ માનવ જિંદગી મોતના મુખમાં હોમાઈ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના ઘણા રાજ્યોમાં સતત વરસાદને કારણે જનજીવનને અસર થઈ છે. કેરળમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પૂરથી ૮ લોકોના મોત થયા છે, જ્યારે ૮ લોકો ગુમ છે. સરકારે ૨૦૯ રાહત શિબિરો બનાવ્યા છે, જ્યાં ૫,૭૯૨ લોકોને સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યા છે.

કર્ણાટકના શિવમોગ્ગા જિલ્લામાં રવિવારે સવારે ભૂસ્ખલનમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા. મૃતકોમાં મલ્લિકાર્જુન (૩૫), તેમની પત્ની નાગવેણી (૨૮) અને ૩ વર્ષનો પુત્ર સંતોષનો સમાવેશ થાય છે. દુર્ઘટના સમયે ત્રણેય પહાડી પાસેના ઘરમાં સૂઈ રહ્યા હતા.

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના છતરુ વિસ્તારમાં શનિવારે વાદળ ફાટવાને કારણે અચાનક પૂર આવ્યું. ઘણા મકાનો અને દુકાનોને નુકસાન થયું, બે કાર તણાઈ ગઈ અને રસ્તાઓ પર કાટમાળ ભરાઈ ગયો. સાવચેતીના ભાગરૂપે કિશ્તવાડ, ડોડા અને રામબાનની તમામ સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે.

જ્યારે ઉત્તરકાશીમાં યમુનોત્રી નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થયું. ચમોલીના ગૌચર પાસે કમેડામાં બદ્રીનાથ હાઈવેનો ૨૦ મીટરનો ભાગ ધસી પડ્યો, જેના કારણે વાહનવ્યવહાર વન-વે કરી દેવામાં આવ્યો છે.

સુરત અને મોરબી સહિત ગુજરાતના ઘણા

અનુ પાના નં.૨ પર

## સંસદ પરિસરમાં ‘નાટક’ પપ્પુને મોંઘું પડ્યું

### પ્રેસ કોન્ફરન્સમાં પપ્પુ યાદવ પર જીવલેણ હુમલાનો પ્રયાસ

**સમય સંદેશઃ નવીદિલ્હી**



બિહારના પૂર્ણિયાથી અપક્ષ સાંસદ પપ્પુ યાદવ પર તેમના દિલ્હી સ્થિત નિવાસસ્થાને એક વ્યક્તિએ હુમલો કર્યો. પપ્પુ યાદવ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા હતા, તે દરમિયાન એક વ્યક્તિએ તેમના પર જૂતું ફેંક્યું. આ પછી પપ્પુના સમર્થકોએ તેની સાથે મારપીટ કરી. પપ્પુએ આરોપ લગાવ્યો કે એક યુવકે ચાકુ લઈને તેમની હત્યા કરવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે કેટલાક બાબા રોજ કહે છે - મને મારી નાખો, બાળી નાખો, અમે ₹૫૧ લાખ આપીશું. અમે એક વ્યક્તિને પકડીને પોલીસને હવાલે કર્યો. પોલીસ આરોપીને પકડીને લઈ ગઈ છે. તેની વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. આ પહેલાં વારાણસીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને બે સાંસદો

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

### શૈક્ષણિક બૌદ્ધિક સ્તર !

સરકાર ખુલ્લા મનથી તમામ સકારાત્મક સૂચનો પર વિચાર કરી રહી છે અને લોકશાહી ઢબે વાટાઘાટો દ્વારા ઉકેલ લાવવા માટે હંમેશા તત્પર રહી છે. માત્ર રાજકીય લાભ ખાતર રાજીનામા કે વિરોધ પ્રદર્શનો કરવાના બદલે સંસ્થાકીય સ્વાયત્તતા, પારદર્શિતા અને તકનીકી સુધારા લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું એ જ આ સમસ્યાનો કાયમી ઉકેલ છે. કેન્દ્ર સરકાર કાગળ પરના કાયદાઓથી આગળ વધીને, જમીની સ્તરે કડક અમલીકરણ અને જવાબદેહી નક્કી કરીને વિદ્યાર્થીઓમાં સિસ્ટમ પ્રત્યે પુનઃ વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. કોઈપણ પ્રગતિશીલ રાષ્ટ્રના નિર્માણમાં પારદર્શક, ગુણવત્તાસભર અને યોગ્યતા આધારિત શૈક્ષણિક વ્યવસ્થા કરોડરજ્જુ સમાન હોય છે. દેશના લાખો હોનહાર વિદ્યાર્થીઓની મહેનત, તેમના પરિવારોના ત્યાગ અને સિસ્ટમ પ્રત્યેના વિશ્વાસની રક્ષા કરવી એ કોઈપણ સંવેદનશીલ સરકારની પ્રાથમિકતા હોય છે. તાજેતરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સામે આવેલી ખામીઓ અને પડકારોને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે માત્ર ખાતરી જ નથી આપી, પરંતુ યુવાનોના ભવિષ્યની સુરક્ષા માટે ખૂબ જ ઝડપી અને ઐતિહાસિક નિર્ણયો લઈને પોતાની સ્પષ્ટ નૈતિક અને પ્રશાસનિક ઈચ્છાશક્તિ સાબિત કરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દાની ગંભીરતાને સમજીને દેશના યુવાનોને કડકમાં કડક કાર્યવાહી કરવાની જે ખાતરી આપી હતી, તેના પર સરકારે વિલંબ વગર કામ કરવાનું શરૂ કરી દીધું છે. કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા પેપર લીક વિરોધી બિલમાં કડક સુધારાને આપેલી મંજૂરી એ વાતનો સ્પષ્ટ પુરાવો છે કે શાસન આ દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે કટિબદ્ધ છે. વિદ્યાર્થીઓનો અવાજ સાંભળીને સરકારી સ્તરે જે ઝડપે નિર્ણયો લેવામાં આવ્યા છે, તે સુશાસન અને સક્રિય નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. કોઈપણ સુધારાત્મક પ્રક્રિયામાં માત્ર વિરોધ કે રાજકીય માંગણીઓ કરવાના બદલે રચનાત્મક સંવાદ સૌથી વધુ મહત્વનો હોય છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિરીક્ષણ અને ગઝઅ જેવી સંસ્થાઓમાં કાયમી તથા મજબૂત સુધારાઓની દિશામાં આગળ વધવું એ દેશના શૈક્ષણિક માળખાને ભવિષ્ય માટે વધુ સુરક્ષિત બનાવશે.

# જામનગર BAPS મંદિરે 'નશામુક્ત ભારત' કાર્યક્રમ યોજાયો

## ૨૫૦ થી વધુ યુવાનોએ નશામુક્તિના શપથ લીધા, સાંસદ પૂનમ માડમ અને પૂર્વ મંત્રી રાઘવજી પટેલ ઉપસ્થિત રહ્યાં









તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ભારત સરકારના 'નશામુક્ત ભારત' અભિયાન અંતર્ગત જામનગર સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૫૦થી વધુ યુવક-યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઈઅઝ મંદિરના કોઠારી ધર્મનિધિ સ્વામીજીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં અક્ષર તિલક સ્વામીજીએ યુવાનોને સંબોધિત કરતા વિશેષ પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓ અને યુવાનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઓનલાઈન પ્રવચનનો લાભ મેળવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન જામનગરના સાંસદ પૂનમબેન માડમે ઉપસ્થિત તમામ યુવક-યુવતીઓને દેશને નશા મુક્ત બનાવવા અને સ્વસ્થ સમાજ નિર્માણ માટેના શપથ લેવડાવ્યા હતા. તેમણે યુવાધનને નશાની કુટેવથી દૂર રહીને પોતાની શકિત દેશહિતમાં લગાવવા પ્રેરણા આપી હતી. શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહેલા યુવાનોએ પણ દેશ અને સમાજના ઉત્થાન માટે સંકલ્પબદ્ધ થવાની ખાતરી આપી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ મંત્રી રાઘવજી પટેલ, જામનગર શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી તેમજ જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ વિનોદ ભંડેરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ મહાનુભાવો દ્વારા યુવાધનને નશાના દૂષણથી દૂર રહીને સમાજ અને દેશના સર્વાંગી ઉત્થાનમાં પોતાનું સક્રિય યોગદાન આપવા માટે હાકલ કરવામાં આવી હતી.

# જામનગર આઈટીઆઈમાં 'ટેકનો કોન્સેપ્ટ્સ'નું લોકાર્પણ કરતાં રોજગાર અને કૌશલ્ય વિકાસ મંત્રી

## મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જામનગર આઈ.ટી.આઈ.ની મુલાકાત લઈ વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરી : વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલાં ૧૫ જેટલાં પ્રોજેક્ટ્સ નિહાળી મંત્રીએ કૌશલ્યને બિરદાવ્યું

**સમય સંદેશઃ જામનગર**

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આઈ.ટી.આઈ. જામનગરની મુલાકાત લઈ સંસ્થાના વિવિધ વિભાગોની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી તેમજ ત્યાં ચાલતી શૈક્ષણિક અને ટેકનિકલ પ્રવૃત્તિઓની ઝીણવટભરી માહિતી મેળવી હતી.






આ મુલાકાત દરમિયાન મંત્રીએ આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓ દ્વારા રોજિંદા જીવનમાં ઉપયોગી થઈ શકે તેવાં તૈયાર કરવામાં આવેલ ૧૫ જેટલાં વિભિન્ન મૉડેલ્સ અને પ્રોજેક્ટ્સનું પ્રદર્શન નિહાળ્યું હતું. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને તકનીકી સુઝબુઝ જોઈને મંત્રીશ્રીએ તેમના કૌશલ્યની મુક્ત મને સરાહના કરી તેઓને પ્રોત્સાહિત કર્યા હતા.

વિદ્યાર્થીઓ વધુ કુશળતા સાથે આધુનિક અભ્યાસ કરી શકે તેવા હેતુથી 'ટેકનો કોન્સેપ્ટ્સ ઈન્સ્ટ્રુમેન્ટ પ્રા. લી.' દ્વારા આઈ.ટી.આઈ.ને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ ઈલેક્ટ્રિકલ અને ઈન્સ્ટ્રુમેન્ટ્સ સિસ્ટમનું મંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, તેઓએ સંસ્થામાં કાર્યરત વહિકલ લેબ અને ઓટોમોબાઈલ વર્કશોપની પ્રત્યક્ષ મુલાકાત લઈને ત્યાં ઉપલબ્ધ સાધન-સુવિધાઓ અને તાલીમ પદ્ધતિઓ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના આચાર્ય આર.એસ. ત્રિવેદી, જે.આર. શાહ, ફોરમેન, સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરો તથા આઈ.ટી.આઈ.નો સ્ટાફ અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા પાલિકા દ્વારા ત્રણ દિવસે પાણી વિતરણ કરાશે

## એકાંતરા પાણી વિતરણ થતું'તુ, ૧ દિવસનો પાણીકાપ લાગુ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળીયામાં જિલ્લા તંત્ર દ્વારા ભારેથી અતિભારે વરસાદની આગાહી અને સાવચેત રહેવા અને પાણીથી બચવાની સૂચના આપવામાં આવી હતી.જોકે,શનિવાર સાંજ સુધીમાં વરસાદ તો ખાસ ના આવ્યો પણ લોકોના ભાગમાં પાણી કાપ આવ્યો હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે.

ખંભાળીયા નગર પાલિકાના ચીફ ઓફિસર રાહુલ કરમુર તથા પ્રમુખ વિજય કણઝારીયા દ્વારા ઘી ડેમમાં પાણી ઓછું હોવાની સાથોસાથ નર્મદાનું પાણી પૂરતું ના આવતા એક દિવસનો પાણી કાપ આજથી લાગુ કર્યો છે એટલે કે હવે બે દિવસે એક વખતના બદલે ત્રણ દિવસે એક વખત પાણી મળશે.

વર્ષો પહેલા ખંભાળીયા શહેરમાં દિવસમાં બે વખત પાણી આવતું હતુ. જે કાળક્રમે સવારે અને બપોરે બાદમાં રોજીંદુ પાણી વિતરણ થતુ હતુ. જે બાદ વર્ષોથી એકાંતરા પાણી વિતરણ કરાતું હતું તેમાં પણ કાપ કરીને ત્રણ દિવસે એક વખત પાણી વિતરણ આજથી થયું છે. ત્યારે લોકો જુના દિવસો તે યાદ કરી રહ્યા છે.

નગરપાલિકા દ્વારા ઘી ડેમમાં ડેડ વોટરની સ્થિતિ હોય વરસાદ ખેંચાતા પાણીમાં ઘટ પડવાની સંભાવનાથી આ નિર્ણય લેવાયો હોવાનુ તંત્રે જણાવ્યુ છે. વર્ષો પહેલા એક વખત થોડા સમય માટે ત્રણ દિવસે એક વખત પાણી વિતરણ થયેલું તે પછી આ વર્ષે ફરી ત્રણ દિવસે એક વખત પાણી થઇ રહયુ છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### સમય સંદેશ સ્પેશિયલ

(પાના નં. ૪ થી આગળ)

દેશની સંસદીય પ્રણાલી, બંધારણ અને શાંતિપ્રિય જનતાની સુરક્ષા સામે ઝૂકવાનો સરકારનો કોઈ ઈરાદો નથી. ગૃહમંત્રી અમિત શાહના એક્શનમાં આવ્યા બાદ હવે સમગ્ર દેશની નજરો દિલ્હી પ્રશાસન અને ગૃહ મંત્રાલયના આગામી પગલાં પર મંડાયેલી છે. જંતર-મંતર પર હુલ્લડ મચાવીને દેશની એકતાને અસ્થિર કરવા માંગતા સીજેપીના કાર્યકર્તાઓ, તેમના નેતાઓ અને પડદા પાછળ રહીને આખું નાટક ઓપરેટ કરતી દેશવિરોધી તાકાતોનું ભવિષ્ય હવે કેવું રહેશે, તે આવનારો સમય જ બતાવશે. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે, લોકશાહીના નામે હિંસા ફેલાવનારાઓ માટે હવે છટકબારી પૂરી થઈ ગઈ છે.

વિરોધ પ્રદર્શનના નામે દેશના વિવિધ ભાગોમાં વારંવાર ઊભા થતા આવા આંદોલનો પાછળ કામ કરતી 'ટૂલકિટ' અને શંકાસ્પદ વિદેશી ફંડિંગના નેટવર્કને મુળમાંથી તોડી પાડવા માટે ગૃહ મંત્રાલયે હવે વિશેષ તપાસ એજન્સીઓને સક્રિય કરી દીધી છે. દેશની આંતરિક શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા સંગઠનો અને તેમના નાણાકીય સ્ત્રોતો પર આકરી નજર રાખવામાં આવી રહી છે. કાયદાકીય તપાસનો દૌર શરૂ થતાં જ એ વાત પણ સ્પષ્ટ થઈ જશે કે કયા વિદેશી આકાઓના ઈશારે આ સમગ્ર ષડયંત્ર રચવામાં આવ્યું હતું, જેથી ભવિષ્યમાં કોઈ પણ જૂથ પૈસાના જોરે નિર્દોષ વિદ્યાર્થીઓ અને નાગરિકોનો ગેરઉપયોગ કરવાની હિંમત ન કરી શકે.

અંતમાં, દેશની અખંડિતતા અને લોકશાહીના મૂલ્યોની રક્ષા એ માત્ર સરકાર કે સુરક્ષા બળોની જ નહીં, પરંતુ દેશના દરેક જાગૃત નાગરિકની પણ પ્રાથમિક ફરજ છે. જ્યારે ભારત વિશ્વ સ્તરે મજબૂત સ્થિતિમાં આગળ વધી રહ્યું હોય, ત્યારે અરાજકતા અને હિંસા ફેલાવીને દેશની પ્રગતિને રોકવાનો પ્રયાસ કરનારા તત્વો સામે સમગ્ર રાષ્ટ્રે એકજૂથ થવું પડશે. ગૃહમંત્રી અમિત શાહના આકરા વલણથી હવે એ સ્પષ્ટ સંદેશ ગયો છે કે ભારત કાયદા અને બંધારણથી ચાલતો દેશ છે, અને અહીં સડક પર હિંસા મચાવીને સરકારને બેકફૂટ પર લાવવાની ગુંડાશ્રેષ્ઠી હવે બિલકુલ સહન કરવામાં આવશે નહીં.

### એનડીઆરએફ

(પાના નં. ૩ થી આગળ)

આપવા, માત્ર સરકારી સૂચનાઓનું જ અનુસરણ કરવા અને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરી છે. એનડીઆરએફ અધિકારી વિજયસિંઘ સોંદલીયા જણાવ્યા અનુસાર, આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા માટે NDRFની ટીમ તમામ જરૂરી સાધનો સાથે સજ્જ થઈને તૈનાત છે. નાગરિકોને જોખમી વિસ્તારોમાં ન જવા અને કોઈ પણ કટોકટી વખતે સ્થાનિક તંત્રનો તાત્કાલિક સંપર્ક કરવા જણાવાયું છે.

### રેડ ઝોન-યલો ઝોન

(પાના નં. ૩ થી આગળ)

મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.

જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરવામાં આવેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે. આથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વિમલ ચૌધરી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જીલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આગામી તા.૨૬-૦૯-૨૦૨૬ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

### મેઘરાજાની પધરામણી

(પાના નં. ૩ થી આગળ)

ગ્રામ્ય પંથકમાં વરસેલા આ સમયસરના વરસાદના કારણે નદી-નાળાઓમાં નવા નીરની આવક થઈ છે. મોલ-પાક માટે અત્યંત ઉપયોગી એવા આ વરસાદને પગલે સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સીમ-ખેતરો લીલાછમ બની ગયા છે અને ખેડૂતોમાં ભારે ખુશાલી તથા આનંદનો માહોલ છવાઈ ગયો છે.

### નશા મુક્ત યુવા

(પાના નં. ૧ થી આગળ)

દુશ્મન દેશો ભારતમાં ડ્રગ્સ મોકલીને અને યુવાનોને નિશાન બનાવીને દેશને નબળો પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ગેરકાયદે ડ્રગ્સના કારોબારને દુશ્મનના આતંકવાદી એજન્ડાનો હિસ્સો ગણાવ્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે જ્યારે દેશે વિકસિત ભારતનું લક્ષ્ય નક્કી કર્યું છે, ત્યારે તેના માટે દેશના યુવાનો તન-મનથી સ્વસ્થ અને આત્મવિશ્વાસથી ભરપૂર હોવા જરૂરી છે.

વડાપ્રધાને આ અભિયાનને સામૂહિક જનઆંદોલન બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે, આગામી ૧૦૦ રવિવાર 'નશા મુક્ત ભારત'ની દિશામાં ૧૦૦ મજબૂત પગલાં સાબિત થશે. આજે હજારો શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓના લાખો વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ સાથે ઓનલાઈન જોડાયા છે. સરકાર પણ ડ્રગ્સના કારોબારીઓ સામે અત્યંત સખત કાર્યવાહી કરી રહી છે, જેના ભાગરૂપે પહેલાની સરખામણીએ ઘણી વધારે ધરપકડો કરવામાં આવી છે અને હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા છે.

વડાપ્રધાને પરિવારો અને યુવાનોને માર્ગદર્શન આપતા કહ્યું કે જો કોઈ યુવા ભૂલથી પણ નશાની ચપેટમાં આવી જાય તો તેના બધા રસ્તા બંધ થઈ જતા નથી. સામાજિક પ્રતિષ્ઠાના ડરથી આવી બાબતો છુપાવવી જોઈએ નહીં, પરંતુ ત્વરિત મેડિકલ હેલ્પ લેવી જોઈએ. તેમણે પરિવારમાં બાળકો સાથે ખુલ્લા સંવાદની સંસ્કૃતિ વિકસાવવા પર પણ ભાર મૂક્યો હતો. યુવાનોને દેશની 'અમૃત પેઢી' ગણાવતા વડાપ્રધાને જણાવ્યું કે આવનારા ૨૦ થી ૨૫ વર્ષોમાં યુવાનોએ જ ૨૦૪૭ માં દેશને વિકસિત ભારતની મંજીલ સુધી પહોંચાડવાનો છે અને તેના શિખર પર બિરાજમાન થવાનું છે.

### ૧૦૦ અઠવાડીયા

(પાના નં. ૧ થી આગળ)

કરાયેલા આ અભિયાનમાં દેશભરમાં ૧ કરોડથી વધુ યુવાનો જોડાયા. વડાપ્રધાને વર્ચ્યુઅલ માધ્યમથી દેશના યુવાનોને સંબોધન કરીને નશાથી દૂર રહેવા અને વિકસિત ભારતના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા અપીલ કરી હતી. દેશભરમાં ૨૮ હજારથી વધુ સ્થળોએ પ્રતિજ્ઞા કાર્યક્રમો યોજાયા, જ્યારે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે રાજ્યપાલ અને મુખ્યમંત્રીની હાજરીમાં રાજ્યસ્તરીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જ્યાં દીપ પ્રાગટ્ય સાથે અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો.

આ અભિયાનને માત્ર એક દિવસની જાગૃતિ પહેલ નહીં પરંતુ સતત ૧૦૦ સપ્તાહ સુધી ચાલનારા રાષ્ટ્રીય જનઆંદોલન તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. આગામી ૧૦૦ અઠવાડિયા સુધી દર રવિવારે દેશભરમાં યુવા-નેતૃત્વ હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાશે. તેનો મુખ્ય હેતુ યુવાનોમાં સ્વસ્થ જીવનશૈલી, સામાજિક જવાબદારી અને નશામુક્ત સમાજ પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. રમતગમત સ્પર્ધાઓ, વૉકેથોન, ધ્યાન સત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમો, કલા સ્પર્ધાઓ, શેરી નાટકો અને જનજાગૃતિ અભિયાનો દ્વારા સમાજને માદક દ્રવ્યોના દુષ્પરિણામો અંગે માહિતગાર કરવામાં આવશે. આ અભિયાન 'મારું ભારત' પહેલના નેતૃત્વ હેઠળ દેશના દરેક ગામ, શહેર અને નગર સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

અભિયાનમાં 'મારું ભારત', નેશનલ સર્વિસ સ્કીમ, યુવા ક્લબો, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, બિનસરકારી સંસ્થાઓ, ઔદ્યોગિક સંગઠનો તેમજ ૧૨૫થી વધુ આધ્યાત્મિક સંસ્થાઓ સક્રિય રીતે ભાગ લેશે. આ પહેલનો ઉદ્દેશ્ય માત્ર જાગૃતિ ફેલાવવાનો જ નહીં પરંતુ યુવાનોને રાષ્ટ્રનિર્માણના મિશન સાથે જોડવાનો પણ છે. અભિયાન દરમિયાન ૫૦મા, ૭૫મા અને ૧૦૦મા સપ્તાહે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા સ્વયંસેવકો અને સંસ્થાઓને સન્માનિત કરવામાં આવશે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ પણ દેશના યુવાનોને આ અભિયાનમાં સક્રિય સહભાગી બનવા અને નશામુક્ત ભારતના સંકલ્પને જનઆંદોલનમાં ફેરવવા અપીલ કરી છે.

### સંસદ પરિસર

(પાના નં. ૧ થી આગળ)

પપ્પુ યાદવ અને અવધેશ પ્રસાદ વિરુદ્ધ એફઆઈઆરનોંધાઈ છે. આ રિપોર્ટ દિલ્હીમાં સંસદ ભવનની બહાર રામ મંદિર દાન ચોરી પ્રકરણમાં નાટક કરવા વિરુદ્ધ થઈ છે. સંતોએ જણાવ્યું કે સંસદમાં દાન ચોરીના નામે જે કંઈ પણ બતાવવામાં આવ્યું, તે સનાતનનું અપમાન છે. તેને સહન કરી શકાય તેમ નહોતું.

### વરસાદ ગાંડોતૂર

(પાના નં. ૧ થી આગળ)

આવ્યું છે. માછીમારોને દરિયામાં ન જવા તેમજ પહેલાથી દરિયામાં રહેલા માછીમારોને સલામત રીતે પરત ફરી જવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. રાજ્યમાં ચોમાસાની સિઝન દરમિયાન અત્યાર સુધી સરેરાશ કરતાં ૨૧ ટકા વધુ વરસાદ નોંધાયો છે. આ વર્ષે વરસાદનું પ્રમાણ સામાન્ય સરેરાશ કરતાં વધારે હોવાથી જળાશયો, ડેમો અને નદીઓમાં પાણીની સારી આવક થઈ રહી છે. બીજી તરફ અમદાવાદ શહેરમાં આજે છૂટાછવાયા વિસ્તારોમાં હળવો વરસાદ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. શહેરમાં દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે ક્યાંક ક્યાંક હળવા વરસાદી ઝાપટાં પડી શકે છે.

### ભૂસ્ખલનના કારણે

(પાના નં. ૧ થી આગળ)

ભાગોમાં શનિવારે થયેલા ભારે વરસાદ પછી ૨૭,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા. જ્યારે, ૫૩ લોકોને બચાવવામાં આવ્યા. સુરતના અંબિકા તાલુકામાં ૨૪ કલાકમાં ૬૧૧ મિમી વરસાદ થયો.

# આગામી તા. ૭ ઑગસ્ટ સુધી રાજ્યમાં 'વિશ્વ સ્તનપાન સપ્તાહ-૨૦૨૬'ની ઉજવણી

## દરેક પરિવારને બાળકના સ્વસ્થ ભવિષ્ય માટે સ્તનપાન અંગે જાગૃત બનાવીને આ અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવવા અપીલ કરતાં મંત્રી ડો. મનીષાબેન વકીલ

**સમય સંદેશઃ જામનગર**

માતાનું દૂધ એ બાળક માટે કુદરતી રસી સમાન છે, જે બાળકના જીવન, પોષણ અને વિકાસનો મુખ્ય આધારસ્તંભ છે. પ્રસૂતિ બાદ બાળકના જન્મ પછીનો પ્રથમ કલાક એટલે કે ગોલ્ડન અવર અત્યંત મહત્વપૂર્ણ હોય છે. આ સમયગાળા દરમિયાન સ્તનપાન શરૂ કરવાથી નવજાત શિશુનો મૃત્યુદર નોંધપાત્ર રીતે ઘટે છે, બાળકને ચેપ સામે રક્ષણ મળે છે તેમજ બાળકના શ્વાસ તથા શરીરનું તાપમાન સ્થિર રહે છે. આ ઉપરાંત પ્રસૂતિ બાદ 'બ્રેસ્ટ ક્રોલ' એટલે કે નવજાત બાળકને માતાના પેટ પર મૂકતાં તે સ્વાભાવિક રીતે સ્તન તરફ આગળ વધે છે અને સ્તનપાન શરૂ કરે છે, જેથી માતા અને બાળક વચ્ચેનું બંધન મજબૂત થાય છે.

દર વર્ષની જેમ ચાલુ વર્ષે તા. ૧ થી ૭ ઑગસ્ટ દરમિયાન 'વિશ્વ સ્તનપાન સપ્તાહ-૨૦૨૬' ની ઉજવણી કરવામાં આવી રહી છે, જેની આ વર્ષની થીમ જીવનની ટકાઉ અને સ્વસ્થ શરૂઆત માટે સ્તનપાનઃ અસરકારક અને સફળ પ્રયાસોને વધુ મજબૂત બનાવીએ નક્કી કરવામાં આવી છે. આ પ્રસંગે રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડો. મનીષાબેન વકીલે દરેક પરિવાર અને સમુદાયને બાળકના સ્વસ્થ ભવિષ્ય માટે સ્તનપાન અંગે જાગૃત બનવા અને આ અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવવા અપીલ કરી છે.

આ અંગે વધુ વિગતો આપતા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડો. મનીષાબેન વકીલે જણાવ્યું હતું કે, 'વિશ્વ સ્તનપાન સપ્તાહ-૨૦૨૬' નો મુખ્ય ઉદ્દેશ્ય શિશુ-નાના બાળકોના યોગ્ય પોષણ માટે પરિવાર અને સમાજને જાગૃત કરવાનો, સ્તનપાનને પ્રોત્સાહિત તથા સુરક્ષિત કરવા માટે મજબૂત નીતિઓનું અમલીકરણ તેમજ સરકાર, સંસ્થાઓ અને સમાજ વચ્ચે સહકાર વધારવાનો છે. સમાજમાં આજે પણ જાગૃતિનો અભાવ, પ્રથમ દૂધ (કોલોસ્ટ્રમ) અંગેની ગેરમાન્યતાઓ અને પ્રી-લેક્ટિયલ ખોરાક આપવાની જૂની પરંપરાઓ જેવા પડકારો જોવા મળે છે. આથી માતા-પિતાને સાચી અને નિષ્પક્ષ માહિતી મળે તે સુનિશ્ચિત કરવા માટે બાળ ખોરાક અને સ્તનપાન અંગેના ઈખજઅધિનિયમનું વધુ ચુસ્ત અમલીકરણ તથા ખોટી માન્યતાઓ દૂર કરવી અત્યંત જરૂરી છે.

મંત્રી શ્રી વકીલે ઉમેર્યું હતું કે, આ અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં આવેલા આંગણવાડી કેન્દ્રો પર સેમિનાર, વર્કશોપ, જાગૃતિ રેલી, પોષણ પંચાયત અને સગર્ભા તથા ધાત્રી માતાઓ સાથે 'સુપોષણ સંવાદ' જેવા વિવિધ કાર્યક્રમો યોજીને સ્તનપાનની સાચી પદ્ધતિઓ અંગે જાગૃતિ લાવવામાં આવશે. દરેક નવજાત બાળકને જન્મના પ્રથમ એક કલાકના ગોલ્ડન અવરમાં માતાનું દૂધ મળે અને શરૂઆતના છ મહિના સુધી માત્ર સ્તનપાન જ ચાલુ રહે તે માટે આપણે સૌ સાથે મળીને સંકલ્પ લઈએ અને આ સંદેશને ઘર-ઘર સુધી પહોંચાડી 'સુપોષિત ગુજરાત'ના નિર્માણમાં સહભાગી બનીએ, તેમ મંત્રી ડો. મનીષાબેન વકીલે અનુરોધ કર્યો હતો.

# જામનગર શહેરમાં ભાજપ દ્વારા બક્ષીપંચ મોરચાની બેઠકનું આયોજન

**સમય સંદેશઃ જામનગર**

ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર બક્ષીપંચ મોર્ચા દ્વારા પરિચય બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં બક્ષીપંચ મોર્ચાના નવનિયુક્ત કારોબારી સભ્યો, વિવિધ વોર્ડના પ્રમુખો તેમજ મહામંત્રીઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.



બેઠક દરમિયાન સંગઠનને વધુ મજબૂત બનાવવા, સંગઠનાત્મક કાર્યને વેગ આપવા તેમજ આગામી કાર્યક્રમો અને જનસંપર્ક અભિયાન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નવા હોદ્દેદારોનો પરિચય કરાવવામાં આવ્યો હતો તેમજ સંગઠનના કાર્યને વધુ અસરકારક રીતે આગળ વધારવા માટે સૌને જવાબદારીપૂર્વક કાર્ય કરવાની અપીલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગરના મહામંત્રી તેમજ બક્ષીપંચ મોર્ચાના પ્રભારી વિજયસિંહજી જેઠવા, મૃગેશભાઈ દવે અને ભાવેશભાઈ કાનાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ બક્ષીપંચ મોર્ચાના અદયક્ષ વિરલભાઈ બારડ, મહામંત્રી મોહનભાઈ ગઢવી અને મયુરભાઈ સિંધવ સહિત મોર્ચાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બેઠકને સફળ બનાવી હતી. બેઠકનો અંત સંગઠનને વધુ સશક્ત બનાવવા અને ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને જન-જન સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે કરવામાં આવ્યો હતો. ઉપરાંત અગામી ગુરુપૂર્ણિમા કાર્યક્રમ સંદભે વોડ નો ૧ થી ૮ ના ઈન્ચાજે મોહનભાઈ ગઢવી. સહઈન્ચાર્જ સાગરભાઈ બોદર .સાગરભાઈ જગતીયા તથા વોડ નં. ૯ થી ૧૬ ના ઈન્ચાર્જ મયુરભાઈ સિંધવ સહ ઈન્ચાર્જ કિશોરભાઈ કછેટિયા. હિરેનભાઈઝાલા ના નામો ની જાહેરાત કરવામાં આવેલ છે.

# ખાણખનીજના ચેકીંગમાં લાઈમસ્ટોન લઈ જતો ટ્રક પકડાયો'તોઃ બનાવટી રોયલ્ટી ચલણના આધારે લાઈમસ્ટોનનું વહન, બે સામે ગુનો


**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં ખાણ-ખનીજ વિભાગની સઘન તપાસ દરમિયાન બનાવટી રોયલ્ટી ચલણના આધારે ગેરકાયદેસર રીતે લાઈમસ્ટોનનું પરિવહન થતું હોવાનો મોટો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. રાવલ-અડવાણા રોડ પર ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર કે.આર. પટેલ અને તેમની ટીમ ચેકિંગમાં હતી, તે દરમિયાન શંકાસ્પદ જણાતા એક ટ્રકને અટકાવીને તલાશી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી આશરે ૨૩.૭૧ મેટ્રિક ટન લાઈમસ્ટોન ખનીજનો જથ્થો મળી આવ્યો હતો.

તપાસ ટીમે ટ્રકમાં સવાર રામજી રામશીભાઈ વાઘેલા અને રાકેશ રામજીભાઈ વાઘેલા પાસે રોયલ્ટી દસ્તાવેજો માંગતા તેમણે રજૂ કરેલા કાગળો શંકાસ્પદ જણાયા હતા. ખાણ ખનીજ વિભાગની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, અગાઉના જૂના રોયલ્ટી ચલણમાં સુધારા-વધારા કરીને બનાવટી ડિલિવરી પાસ તૈયાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ખનીજના વજન, લોડિંગના સ્થળ અને દર્શાવેલી અન્ય વિગતો વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો. લીઝધારક દ્વારા જારી ન કરાયેલા બોગસ પાસનો ઉપયોગ કરીને ખોટા દસ્તાવેજોના આધારે ખનીજ ચોરી કરવાનું આખું કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાનું સ્પષ્ટ થયું હતું. આ બનાવ અંગે રોયલ્ટી ઈન્સ્પેક્ટર કે.આર. પટેલ દ્વારા કલ્યાણપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે પોરબંદરના મિયાણી ગામના રહીશ એવા આરોપી રામજી રામશીભાઈ વાઘેલા અને રાકેશ રામજીભાઈ વાઘેલા સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગંભીર ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે કલ્યાણપુર પોલીસ મથકના પીએસઆઈ યુ.બી. આખેડ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# દેવભૂમિમાં એનડીઆરએફની ટીમ તૈનાત

## દ્વારકામાં ગોમતી ઘાટ પર યાત્રાળુઓની અવર જવર પર પ્રતિબંધ મુકાયો





**સમય સંદેશઃ દ્વારકા**

હવામાન વિભાગ દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યા બાદ શનિવારથી જ સમગ્ર વિસ્તારમાં મેઘાવી માહોલ છવાયો છે. વરસાદની સાથે અરબી સમુદ્રે અત્યંત રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં દરિયામાં ઊંચા મોજાં ઉછળી રહ્યા છે અને તીવ્ર કરંટ જોવા મળી રહ્યો છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં સર્જાયેલી આ જોખમી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્રે સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક બનાવી દીધી છે. દ્વારકાના પ્રસિદ્ધ જગત મંદિર નજીક આવેલ ગોમતી ઘાટ પર દરિયાનું રૌદ્ર રૂપ જોતાં તકેદારીના ભાગરૂપે યાત્રાળુઓ અને સ્થાનિકોની અવરજવર પર તાત્કાલિક અસરથી પૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. દ્વારકાધીશજીના દર્શને આવતા હજારો ભક્તોની સુરક્ષા માટે પોલીસ જવાનો ઘાટ વિસ્તારમાં ખડેપગે બંદોબસ્ત સંભાળી રહ્યા છે અને લોકોને દરિયાથી દૂર રહેવા સતત સૂચના આપી રહ્યા છે. સંભવિત કુદરતી આપત્તિ સામે ત્વરિત બચાવ અને રાહત કામગીરી હાથ ધરી શકાય તે માટે જિલ્લા તંત્ર દ્વારા એનડીઆરએફ તથા ફાયર બ્રિગેડની ટીમોને સ્ટેન્ડબાય મોડ પર મૂકવામાં આવી છે. ખાસ કરીને નીચાણવાળા અને દરિયાકાંઠાના ગામો પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. દરિયાની સ્થિતિ વધુ વણસતાં ઓખા બંદર પર ઉફક્ષલયજિ્શલક્ષફહ જફિંક્ષમફમિ ૩ (ત્રણ નંબરનું ચેતવણી સિગ્નલ) લગાવી દેવાયું છે અને માછીમારોને દરિયો ન ખેડવાની કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરે તમામ નાગરિકોને સોશિયલ મીડિયા પર વહેતી અનાધિકૃત અફવાઓ પર ધ્યાન ન

અનુ પાના નં.૨ પર

# સશસ્ત્ર સેના ધ્વજદિન ફાળામાં ૪૦ લાખનો સહયોગ

**સમય સંદેશઃ જામનગર**

દેશની સરહદોની સુરક્ષા તેમજ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓના સમયે રાષ્ટ્રસેવામાં સતત તત્પર રહેતા સશસ્ત્ર દળોના જવાનો તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે પંડિત દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા 'સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ'માં રૂ.૪૦ લાખનું આર્થિક યોગદાન આપવામાં આવ્યું છે.



દીનદયાલ પોર્ટ ઓથોરિટીના અધિકારીશ્રી દ્વારા આ રૂ. ૪૦ લાખનો ચેક નિવાસી અધિક કલેક્ટર શ્રી વિમલ ચૌધરી તથા જિલ્લા સૈનિક બોર્ડ, જામનગરના હેડ કલાર્ક શ્રી મનુભાઈ પરમારને વિધિવત રીતે સુપ્રત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સશસ્ત્ર દળોના જવાનો અને તેમના પરિવારજનોના કલ્યાણ અર્થે દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા આપવામાં આવેલા આ સહયોગની પ્રશંસા કરવામાં આવી હતી. નોંધનીય છે કે, સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળનો ઉપયોગ દેશના વીર જવાનો, ભૂતપૂર્વ સૈનિકો, શહીદોના પરિવારજનોના પુનર્વસન તેમજ દિવ્યાંગ સૈનિકોના કલ્યાણ અર્થે કરવામાં આવે છે. દીનદયાલ પોર્ટ ઓથોરિટીએ રાષ્ટ્રસેવા અને સામાજિક જવાબદારી પ્રત્યેની પોતાની કટિબદ્ધતા નિભાવતાં આ આર્થિક સહયોગ દ્વારા સશસ્ત્ર દળો પ્રત્યે આદર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી છે.

# રેડ ઝોન-યલો ઝોન નક્કી કરાયાઃ જામનગર જિલ્લાના ૧૫૪ જેટલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં મીલીટરી સ્ટેશન, એરફોર્સ





સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશીયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન, જી.એસ.એફ. સી. તથા અન્ય

અનુ પાના નં.૨ પર

# કાલાવડના ધારાસભ્યએ 'કૅચ ધ રેન..' અભિયાન અંતર્ગત ૫૦ લાખથી વધુની ગ્રાન્ટ વાપરી

**સમય સંદેશઃ કાલાવડ**

કેચ ધ રેન' અભિયાન અંતર્ગત કાલાવડ ના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ ૫૦ લાખથી વધુની ગ્રાન્ટનો ઉપયોગ કર્યો.જળ સંરક્ષણ અને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાના હેતુથી રાજ્યભરમાં ચ 'કેચ ધરેન' (Rainwater Harvesting) અને 'સુજલામ સુફલામ જળ અભિયાન' અંતર્ગત કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા દ્વારા લોકહિતનું કાર્ય કરવામાં આવ્યું છે. ધારાસભ્યએ પોતાના ફંડ (ગ્રાન્ટ)માંથી કાલાવડ ધ્રોલ જોડીયા અને મોરબી ચાલીસામાં રૂમ.૫૦ લાખથી વધુની મોટી રકમ જળ સંચયના વિવિધ વિકાસકામો



માટે ફાળવી છે.

"પાણી એ જ જીવન છે. ચોમાસામાં વરસતા વરસાદના એક-એક ટીંપાનો સંગ્રહ કરવો એ આપણી આવનારી પેઢી માટે સૌથી મોટું રોકાણ છે. સુજલામ સુફલામ યોજના દ્વારા ગ્રામ્ય વિસ્તારોને પાણી બાબતે આત્મનિર્ભર બનાવવાનો આ નમ્ર પ્રયાસ કર્યો છે જે કાર્ય અભિનંદન ને પાત્ર છે.

# માર્ગ -મકાન વિભાગ દ્વારા જોડિયાના કેશિયા રોડ પરના કોઝવેની તાત્કાલિક મરામત

## ચોમાસા દરમિયાન વાહનચાલકો માટે અવરજવર સરળ બની



**સમય સંદેશઃ જામનગર**

જોડિયા તાલુકાના કેશિયા ટુ એસ.એચ. રોડ પર આવેલા કોઝવેનું માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે રિપેરિંગ કામગીરી પૂર્ણ કરવામાં આવ્યું છે, જેનાથી આ માર્ગ પરનો વાહનવ્યવહાર વધુ સુરક્ષિત અને સુગમ બન્યો છે.

આ કોઝવે ૯૦૦ મી.મી. વ્યાસના ૧૦ રો ના પાઇપ ધરાવે છે. ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભારે પ્રવાહને કારણે કોઝવેના ડાઉનસ્ટ્રીમ વિસ્તારમાં ધોવાણ થવા પામ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રિ-મોન્સૂન ઈન્સ્પેક્શન દરમિયાન આ ધોવાણ ધ્યાને આવતાં જ સ્થળ પર તાત્કાલિક જરૂરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. તંત્ર દ્વારા ત્વરિત પગલાં ભરીને કોંક્રીટની મજબૂત કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કોઝવેનું રિપેરિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરાયું હતું. આ કામગીરીના પરિણામે કોઝવેની સલામતી અને ટકાવપણામાં નોંધપાત્ર વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે, ચોમાસાની ઋતુ દરમિયાન નાગરિકોને અવરજવરમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા માર્ગોની નિયમિત દેખરેખ અને સમયસર જાળવણીની કામગીરી સતત હાથ ધરવામાં આવી રહી છે.

# જામનગર જિલ્લાના ગ્રામ્ય પંથકમાં મેઘરાજાની પધરામણીઃ પીઠડમાં પોણા છ ઇંચ અને લતીપુરમાં ચાર ઇંચ વરસાદ

## મોટી બાણુંગારમાં દોઢ, હડીયાણા, વસઈ, નીકાવા અને જામ વંથલીમાં સવા તથા મોટા વડાાળામાં એક ઈંચ વરસાદઃ ખેડૂતોમાં આનંદની લહેર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ચોમાસાની ઋતુ જામતાં જ ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજા સતત પોતાની હાજરી પુરાવી રહ્યા છે. ગઈકાલ રવિવાર (૦૨/૦૮/૨૦૨૬) સુધીના છેલ્લા ૨૪ કલાક દરમિયાન આજે સવારના ૬ વાગ્યા સુધીમાં જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. વરસાદી માહોલ વચ્ચે પીઠડ ગામે અનરાધાર વરસાદ વરસતાં સૌથી વધુ પોણા છ (૫.૭૫) ઈંચ જેવો ભારે વરસાદ ખાબક્યો હતો, જ્યારે લતીપુરમાં ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો.

આ ઉપરાંત જિલ્લાના અન્ય ગામોમાં પણ સાર્વત્રિક વરસાદી ઝાપટાં અને નહિવતથી ભારે વરસાદ જોવા મળ્યો હતો. જેમાં મોટી બાણુંગારમાં




દોઢ ઈંચ, જ્યારે હડીયાણા, વસઈ, નીકાવા અને જામ વંથલી જેવા ગ્રામ્ય પંથકોમાં સવા-સવા ઈંચ વરસાદ પડ્યો હતો. આ સાથે જ મોટા વડાાળામાં પણ એક ઈંચ જેટલું પાણી પડી ગયું હતું.

અનુ પાના નં.૨ પર

# જંતર-મંતર પર હુલ્લડ મચાવનારા CJPના ઉપદ્રવીઓનું કાઉન્ટડાઉન શરૂઃ ગૃહમંત્રી અમિત શાહ એક્શન મોડમાં!

## પશ્ચિમ બંગાળમાં ઘૂસણખોરી રોકવાના મહત્વના કામમાં વ્યસ્તતાનો લાભ ઉઠાવી ફાવી ગયેલા અસામાજિક તત્વો સામે હવે કડક કાર્યવાહીના એંધાણ






દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર પર સીજેપી પાર્ટી અને તેના સમર્થકો દ્વારા વિરોધના નામે જે પ્રકારનું ઉગ્ર અને અરાજક વાતાવરણ ઊભું કરવામાં આવ્યું, તેણે સમગ્ર દેશને ચિંતામાં મૂકી દીધો છે. લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર સૌને છે, પરંતુ વિરોધના ઓઠા હેઠળ હિંસા ભડકાવવી, જાહેર મિલકતોને નુકસાન પહોંચાડવું અને દેશની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવો એ કોઈ પણ કાળે ચલાવી લેવાય નહીં. જંતર-મંતર પર ઘટેલી ઘટનાઓએ સાબિત કરી દીધું છે કે આ કોઈ સ્વયંભૂ આંદોલન નહોતું, પરંતુ દેશને અસ્થિર કરવાનું એક સુનિયોજિત ષડયંત્ર હતું.

આ સમગ્ર હુલ્લડમાં સૌથી કમનસીબ બાબત એ રહી કે આંદોલનકારીઓ એ પોતાના સ્વાર્થ માટે નિર્દોષ વિદ્યાર્થીઓને આગળ ધરી દીધા. શૈક્ષણિક મુદ્દાઓ અને વિદ્યાર્થીઓની લાગણીઓનો દુરુપયોગ કરીને અસામાજિક તત્વો અને ઉપદ્રવીઓ આ પ્રદર્શનોમાં ઘૂસી ગયા હતા. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમતા આ તત્વોનો હેતુ માત્ર ને માત્ર હિંસા અને અરાજકતા ફેલાવવાનો જ હતો. પરંતુ હવે સમય બદલાઈ ચૂક્યો છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પૂર્વવત કરવા માટે પ્રશાસને સ્પષ્ટ કરી દીધું છે કે નિર્દોષ વિદ્યાર્થીઓને કોઈ આંચ નહીં આવે, પરંતુ તેમની આડમાં હિંસા આચરનારા તમામ અસામાજિક તત્વોનું કાઉન્ટ ડાઉન હવે શરૂ થઈ ગયું છે.

જંતર-મંતર પર સીજેપી વાળા જે રીતે કાયદો હાથમાં લઈને ફાવી ગયા તેની પાછળનું એક મુખ્ય કારણ સમય સંયોગ હતો. દેશના ગૃહમંત્રી અમિત શાહ તે સમયે પશ્ચિમ બંગાળની સરહદો પરથી થતી ગેરકાયદેસર ઘૂસણખોરીને કાયમી ધોરણે રોકવા માટેના અત્યંત સંવેદનશીલ અને રાષ્ટ્રીય સુરક્ષાને લગતા કામમાં સતત વ્યસ્ત હતા. દેશની બાહ્ય સુરક્ષા અને સીમાઓની કડક ચોકીયાત કરી રહેલા ગૃહમંત્રીની આ વ્યસ્તતાનો ગેરલાભ ઉઠાવીને સીજેપી અને દેશવિરોધી તાકાતોએ દિલ્હીમાં અશાંતિ ફેલાવવાનો મોકો શોધી લીધો હતો. તેમને લાગ્યું કે તેઓ સરકાર પર દબાણ લાવીને પોતાના અયોગ્ય ઈરાદાઓમાં સફળ થઈ જશે.

પરંતુ, વિરોધીઓની આ ભૂલ હવે તેમના માટે ભારે પડવાની છે. પશ્ચિમ બંગાળની સરહદી સુરક્ષાની સમીક્ષા અને કડક અમલીકરણ પૂર્ણ કર્યા બાદ હવે દેશના ગૃહમંત્રી અમિત શાહ સંપૂર્ણ રીતે એક્શન મોડમાં આવી ચૂક્યા છે. દેશની આંતરિક સુરક્ષા સામે પડકાર ફેંકનારાઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ ધરાવતા ગૃહમંત્રીએ દિલ્હીની ઘટનાની ગંભીર નોંધ લીધી છે. સીજેપીના આકાઓ અને સડક પર તોડફોડ કરનારા ગુંડા તત્વો વિરુદ્ધ કડકમાં કડક પગલાં લેવાની રણનીતિ તૈયાર થઈ ચૂકી છે.

જે રીતે ભૂતકાળમાં સી.એ.એ. અને ખેડૂત આંદોલન વખતે ચોક્કસ પેટર્ન અને 'ટૂલકિટ'ના આધારે દેશમાં વાતાવરણ ખરાબ કરવાનો પ્રયાસ થયો હતો, તે જ પેટર્ન જંતર-મંતર પર પણ જોવા મળી છે. વિદેશી ફંડિંગ અને વિદેશી આકાઓના ઈશારે દેશની છબી ખરાબ કરવા નીકળેલા આ તત્વો હવે કાયદાના સળિયા પાછળ જશે તે નક્કી છે.

અનુ પાના નં.૨ પર

## શું પોલીસકર્મીઓના કોઈ માનવ અધિકારો નથી?



હુલ્લડ દરમિયાન ફરજ બજાવી રહેલા પોલીસકર્મીઓ અને સુરક્ષા દળો પર જે રીતે જીવલેણ પથ્થરમારો અને હુમલા કરવામાં આવ્યા, તેણે દેશના પ્રબુદ્ધ નાગરિકોને ઊંડો આઘાત પહોંચાડ્યો છે. આંતરિક સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે રાત-દિવસ ટાઢ, તડકો વેઠીને સડક પર ઊભેલા આ જવાનો પણ કોઈના પિતા, પુત્ર કે ભાઈ છે; શું તેમના કોઈ માનવ અધિકારો નથી હોતા? શું તેમનો પરિવાર નથી? જ્યારે ઉપદ્રવીઓ કાયદો હાથમાં લઈને જાહેર મિલકતો સળગાવતા હોય અને પોલીસ પર હિંસક હુમલા કરતા હોય, ત્યારે તેમને 'નિર્દોષ' ગણાવવા દોડી જતા વિરોધી તત્વોને ઈજાગ્રસ્ત થયેલા પોલીસ જવાનોની વેદના કેમ દેખાતી નથી? સૌથી વધુ આશ્ચર્ય અને આક્રોશની બાબત એ છે કે પોતાને લોકશાહી અને બંધારણના રક્ષક ગણાવતા કોંગ્રેસ સિવાયના અન્ય પ્રાદેશિક અને તથાકથિત વિપક્ષી પક્ષો પણ આ મામલે સાવ મૌન સેવીને બેસી ગયા છે. રાજકીય સ્વાર્થ અને વોટબેંકના સસ્તા રાજકારણમાં અંધ થઈ ગયેલા આ વિપક્ષોમાંથી એક પણ નેતાએ પોલીસ જવાનોના હક્કમાં અવાજ ઉઠાવવાની કે તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાની નૈતિક હિંમત દાખવી નથી.

# જામનગરમાં વિશ્વ હિપેટાઈટિસ દિનની ઉજવણી

## ઈટ્રામાં ૧૫૦ યુજી-પીજી સ્કોર્લસને હિપેટાઈટિસ બી-સી અંગે વિસ્તૃત અને તલસ્પર્શી માહિતી આપી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ""Let's Break It Down"" ની ખાસ થીમ હેઠળ વિશ્વ હિપેટાઈટિસ દિન નિમિત્તે ITRA (ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આયુર્વેદ) ખાતે એક ભવ્ય અને ઉપયોગી આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. મનપાના મુખ્ય આરોગ્ય અધિકારી ડો. હરેશકુમાર ગોરી અને શહેરી ક્ષય અધિકારી ડો. પલક ગણાત્રાના માર્ગદર્શન હેઠળ તેમજ ITRA ના ડાયરેક્ટરના વિશેષ સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં આશરે ૧૫૦ જેટલા UG અને PG સ્કોલર્સ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન જનરલ મેડિસિન વિભાગના પ્રોફેસર અને MTC-NVHVP ના નોડલ ઓફિસર ડો. અમિ ત્રિવેદીએ હિપેટાઈટિસ-બી અને હિપેટાઈટિસ-સી જેવા ગંભીર વાયરલ ઈન્ફેક્શન અંગે ઊંડાણપૂર્વક માહિતી પૂરી પાડી હતી. તેમણે હિપેટાઈટિસના વિવિધ પ્રકારો, તેના પ્રારંભિક લક્ષણો, રોગ સામે બચાવના ઉપાયો, રસીકરણનું અત્યંત મહત્વ તેમજ સરકારી આરોગ્ય વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવતી નિઃશુલ્ક સારવાર અને સેવાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ પાવન પ્રસંગે મેડિકલ કોલેજના ડીન ડો. નંદીની દેસાઈ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં ચેપી રોગો પ્રત્યે સરળ ભાષામાં જાગૃતિ આવે તે હેતુથી IEC (માહિતી, શિક્ષણ અને સંચાર) સામગ્રીનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લાયન્સ ક્લબના સભ્યોએ પણ હાજરી આપીને આ અભિયાનને સમર્થન આપ્યું હતું. તબીબોએ સ્પષ્ટ કર્યું હતું કે હિપેટાઈટિસ A અને E ના વાયરસ મુખ્યત્વે દૂષિત પાણી અથવા ખોરાકના સેવનથી ફેલાય છે, જે યોગ્ય કાળજીથી મટી શકે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં હિપેટાઈટિસ અંગેનો ડર દૂર કરી સમયસર નિદાન, સારવાર અને આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવાનો હતો.

# ખેડૂતને સબસીડીની આપી લાલચ, રૂ. ૯ લાખની ઠગાઈઃ ગોલ્ડ લોન બાદ ૪ લાખ પડાવી લીધા

**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર તાલુકાસણોસરી ગામે રહેતા ૫૬ વર્ષીય ખેડૂત જયસુખભાઈ નંદાણીયાને વર્ષ ૨૦૨૪માં ખેતીકામ માટે નાણાંની જરૂરિયાત ઊભી થતાં તેમણે અગાઉ જમીન ગીરવે મૂકી રૂ. ૪ લાખની લોન લીધી હતી. આ દરમિયાન તેમના જ ગામના અને મિત્ર એવા ભીખુભાઈ સવદાસભાઈ વસરા (ઉં.વ. ૩૭)એ તેમને વાતોમાં ભોળવ્યા હતા. ભીખુભાઈએ ખેડૂતને એવી લાલચ આપી હતી કે, હાલમાં ખેડૂતો માટે બેંકની વિશેષ યોજના છે, જેમાં સોનું ગીરવે મૂકી લોન લેવાથી કોઈ વ્યાજ લાગતું નથી, બિયારણ તથા ખેતી માટે ૫૦ ટકા સબસીડી મળે છે અને લોનની અડધી જ રકમ ભરવાની રહે છે.

મિત્રની વાતોમાં આવી જઈને જયસુખભાઈએ પોતાના બાપ-દાદાના વખતની આશરે રૂ. ૯ લાખની કિંમત ધરાવતી ૧૫ તોલા સોનાની કાઠલી (હાર) જામજોધપુરની HDFC બેંકમાં ગીરવે મૂકી હતી અને તેના આધારે રૂ. ૭.૮૦ લાખની લોન ઉપાડવામાં આવી હતી. જોકે, પાછળથી આવી કોઈ સરકારી કે બેંક સ્કીમ ન હોવાની જાણ થતાં ખેડૂતે પોતાનું સોનું પરત માગ્યું હતું. આથી ચતુર આરોપી ભીખુભાઈએ બેંકમાંથી કાઠલી છોડાવવાના બહાને ખેડૂત પાસેથી કટકે-કટકે વધુ રૂ. ૪ લાખ રોકડા પણ પડાવી લીધા હતા.

ત્યારબાદ આરોપીએ પોતાની દાનત બગાડી પોતાના ભાણેજ મારફતે આ ૧૫ તોલા સોનાની કાઠલી બેંકમાંથી છોડાવી બારોબાર કોઈ સોનીને વેચી મારી હતી. જ્યારે ખેડૂતે પોતાના નાણાં અને સોનું પરત માગ્યું ત્યારે આરોપી ભીખુભાઈએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આખરે છેતરાયેલા ખેડૂત જયસુખભાઈએ લાલપુર પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો, જેના આધારે પોલીસે આરોપી ભીખુભાઈ વસરા સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# આવાસમાં લોકો મકાન લેવા માટે તૈયાર થતાં નથીઃ મનપાના ૧૫૪ આવાસના ફ્લેટ માટે જાહેરાત છતાં લોકોનો ફીક્કો પ્રતિસાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગર પાલિકાની સ્લમ હાઉસિંગ શાખા દ્વારા શહેરમાં વિવિધ આવાસ યોજનાઓ હેઠળ તૈયાર પડી રહેલા ૧૫૪ રેડી પઝેશન ફ્લેટ માટે ફરી એકવાર અરજીઓ મંગાવવામાં આવી છે. મનપા હસ્તકના આ ખાલી મકાનો ફાળવવા માટે તંત્ર દ્વારા ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી જોગર્સ પાર્ક સામે આવેલી નિયુક્ત બેંક ખાતેથી ફોર્મ વિતરણ અને ફોર્મ સ્વીકારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ મયુરનગર મેઈન રોડ પર EWS ના ૪૭ ફ્લેટ (કિંમત રૂ. ૩ લાખ), એમ.પી. શાહ ઉદ્યોગનગર પાછળ LIG-1 ના ૪૦ ફ્લેટ (કિંમત રૂ. ૭.૫૦ લાખ) તેમજ હાપા ખાતે રવિ પેટ્રોલ પંપ પાછળ EWS ના ૬૭ ફ્લેટ (કિંમત રૂ. ૩.૦૦ લાખ) મળીને કુલ ૧૫૪ ફ્લેટનો સમાવેશ થાય છે.

જોકે, વારંવાર જાહેરાતો કરવા છતાં લોકોને આ આવાસો તરફ આકર્ષવામાં તંત્ર તદ્દન નિષ્ફળ નીવડ્યું છે. સ્થાનિકો અને અરજદારોમાં મકાનોના લોકેશન, બાંધકામની ગુણવત્તા તેમજ મેઈન્ટેનન્સ ડિપોઝિટ જેવા મુદ્દાઓને લઈને ભારે અસંતોષ અને ઉદાસીનતા જોવા મળી રહી છે. આ ઉપરાંત, ડ્રોમાં મકાન લાગ્યા બાદ જો કોઈ અરજદાર મકાન જતું કરે તો તેની ડિપોઝિટ જપ્ત કરવાની કડક શરતોના કારણે પણ સામાન્ય લોકો ફોર્મ ભરતા અચકાઈ રહ્યા છે.

છેલ્લા એક જ વર્ષમાં ત્રણ-ત્રણ વખત પ્રયાસો કરવા છતાં અને વારંવાર મુદતો વધારવા છતાં કરોડો રૂપિયાના ખર્ચે બનેલા આ ફ્લેટ વણવેચાયેલા અને ખાલીખમ પડી રહ્યા છે. વર્ષોથી ધૂળ ખાતા અને ખાલી પડેલા આ ફ્લેટોની હાલત હવે ભંગાર જેવી થઈ રહી છે, જેના કારણે મનપા તંત્રની યોગ્ય આયોજન અને અમલીકરણની નીતિ સામે શહેરીજનોમાં મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે. તંત્ર માટે હવે એવી સ્થિતિ સર્જાઈ છે કે 'કોઈપણ રીતે લોકો ફોર્મ ભરે તો ફ્લેટ પધરાવી દેવાય'.




સરકારમાન્ય આરએનઆઈ ધરાવતું પ્રિન્ટિંગ પ્રેસ

તિર્થ પ્રિન્ટિંગ પ્રેસ

દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક ન્યૂઝ પેપરના સ્વચ્છ અને સમયસર પ્રિન્ટિંગ માટે મળો..

સંપર્કઃ રાજુભાઈ ભાવસાર

88668 68600

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com